**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**સંચાલિત**

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62




**જો શહિદ હુએ હૈ ઉનકી**
**જરા યાદ કરો કુરબાની...**

વર્ષ ૨૦૧૬
ઓક્ટોબર અંક - ૧૦
વર્ષ ૫૪ સળંગઅંક ૪૩૫
માસિક કિંમત-૧૦/-રૂા. વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત**
**શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી આયોજીત**





# ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૬

**તારીખ :** ૨૫.૧૨.૨૦૧૬-રવિવાર

**સ્થળ :** છાપરા ક્રિકેટ ગ્રાઉન્ડ, છાપરાગામ, નવસારી

સમગ્ર પંચોલી સમાજના ક્રિકેટ પ્રેમી ભાઇઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરેલ છે.
દરેક એકમોની ટીમોને અને સમાજના સભ્યોને આમંત્રણ આપવામાં આવે છે.
**નોંધ :** કોઇપણ ઉંમરની વ્યકિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઇ શકશે..

**: ક્રિકેટ ટીમો :**

| | | | |
|---|---|---|---|
| (૧) મુંબઇ | (૨) નવસારી | (૩) સુરત | (૪) વ્યારા |
| (૫) બરોડા | (૬) અંકલેશ્વર | (૭) રાજપીપલા | (૮) પાલ વિભાગ |

**ટુર્નામેન્ટમાં દેરક એકમની ક્રિકેટ ટીમે એન્ટ્રી ફી રૂા. ૨,૦૦૦/- ભરવાની રહેશે...**
(રૂા. ૨,૦૦૦/-ની એન્ટ્રી ફીમાં એક ટીમના ૧૫ ખેલાડીને એન્ટ્રી પાસ મળશે.)
ક્રિકેટ ટુર્નામેન્ટમાં સમાજના સભ્યો માટે એન્ટ્રી ફી રૂા. ૧૦૦/- પ્રતિ વ્યકિત રાખવામાં આવી છે.
આપનું રજીસ્ટ્રેશન આપના એકમના મંત્રીશ્રી પાસે કરાવવાનું રહેશે. ૫ વર્ષથી નાના બાળકોની એન્ટ્રી ફી ભરવાની રહેશે નહીં. **રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૦૧.૧૨.૨૦૧૬**
**નોંધ :** ગેટ પાસ વગર ક્રિકેટ ગ્રાઉન્ડમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં.

**સ્પોન્સરશીપ આવકાર્ય**

| | | | |
|---|---|---|---|
| | ટુર્નામેન્ટ સ્પોન્સર | રૂા. ૨૫,૦૦૦/- | |
| વેન્યુ સ્પોન્સર | ૧૦,૦૦૦/- | ભોજન સ્પોન્સર | ૧૦,૦૦૦/- |
| ટ્રોફી સ્પોન્સર | ૧૦,૦૦૦/- | ચા-નાસ્તા સ્પોન્સર | ૭,૫૦૦/- |

**સ્પોન્સરશીપ અને પૂછપરછ આવકાર્ય**
પ્રમુખ - શ્રી દિપકભાઇ એન. મિસ્ત્રી-૯૮૨૫૯ ૮૦૮૪૦
મંત્રી - શ્રી જતિન વિ. મહેતા - ૯૯૯૮૩ ૩૯૮૫૯
ટુર્નામેન્ટ કન્વીનર-શ્રી સમીર જે. પંચોલી-૯૯૯૮૩ ૦૩૬૩૮

શ્રી દિપકભાઇ એન. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી

શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

તથા શ્રી નવસારી પંચોલી સમાજના સર્વે કારોબારી સભ્યો

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કહું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | ₹ ૨૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫●●/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | – | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | – | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

નવરાત્રીની શુભ શરૂઆત અને દિવાળીની છડી પોકાર શરૂ થઇ જાય છે... અને દશેરા પર્વ આસુરી શકિત પર દૈવી શકિતનો વિજય... આપણામાં રહેલા ઈર્ષા, અહમ, કામ, ક્રોધ જેવા અનેક અસુરોનો નાશ કરી દિવાળી પર્વ આનંદથી મનાવીએ.. એવી શુભેચ્છાઓ...

ભારતીય સેનાએ સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા .કછ ( પાકિસ્તાનના વિસ્તાર)માં ઘુસીને જ્ઞ આંતકવાદી ઠેકાણા પર કરેલ હુમલામાં ૩૮ આતંકવાદીઓ તથા ૨ પાકિસ્તાની જવાનોનો સફાયો બાલાવી ઉરી હુમલામાં મરેલ સૈનિકોને સાચી શ્રદ્ધાંજલી આપી છે... અને માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ એ કહેલ શહિદોની શહાદતનો યોગ્ય પ્રત્યુતર આપીશું અને એ પ્રત્યુત્તર આપી પણ દીધો... જય જવાન... જય હિંદ...

ઉરી હુમલામાં દેશને કાજે દુશ્મનો સામે લડી શહિદ થનાર જવાનોને અંતઃકરણથી શ્રદ્ધાંજલી અને જે રીતે રામે રાવણ દશેરાના દિવસે વધ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો તેમ આપણે પણ આ આતંકવાદના યુદ્ધ સામે દશેરા પર વિજય પ્રાપ્ત કરીએ એવી સર્વ શકિતમાન શકિતને પ્રાર્થના...

આ વર્ષે નવયુગ જાહેરાતનો પ્રવાહ એકદમ મંદગતિએ અને દર વર્ષ કરતાં અડધી પણ જાહેરાતો નથી આવી હું શું માનું ? આપની નવયુગ પ્રત્યેની લાગણી ઘટી ? કે મારાથી જ્ઞાતિજનોના દિલ દુભાયા ? મહામંડળના કેટલાક હોદ્દેદારોએ પણ જાહેરાતને ઠીંગો બતાવ્યો... આટલા વર્ષના કાર્ય દરમ્યાન દર વર્ષે નવયુગની જાહેરાતમાં વધારો કરતા જ્ઞાતિજનો આ વર્ષે કેમ પાછી પાની કરી રહ્યા છો ????? વ્યકિત મહાન નથી સંસ્થા મહાન છે... સંસ્થાને લક્ષ્યમાં રાખી નવયુગની ઝોળી છલકાવી દેશો એવી આશા રાખું છું...

ગ્રામ્ય વિસ્તાર ના જ્ઞાતિજનો પણ નવયુગને જાહેરાત કે શુભેચ્છા ભેટ આપી નવયુગની મદદ કરી શકો છે.... આ દિવાળી અંક રૂપી ગોવર્ધન પર્વત ઉચકયો છે... ફકત જરૂર છે તમારા ટેકાની... સત્વરે આપની જાહેરાતો મોકલશો એવી આશા રાખું છું...

તો ચાલો.... નવયુગની ઝોળી છલકાવી દઇએ... ગત વર્ષ કરતા વધુ જાહેરાતો આપીએ...

એક સાથે કાર્ય કરી, વધુમાં વધુ જાહેરાતો રૂપી રંગો ભરી આપણું નવયુગને નવરંગી બનાવીએ...

**વેરઝેર ભુલી જઇએ.. રીસામણા મનામણા છોડી દઇએ...**
**એકમેકની સાથે મળી દીવાળી ઉજવી લઇએ....**
**દિપોત્સવી અંકમાં જાહેરાત આપવાનું ટાણુ આવ્યું...**
**જ્ઞાતિજનો હર્ષ ભેર એને વધાવી લઇએ......**
**સમાજનના દર્પણ સમા નવયુગની ઝોળી છલકાવી દઇએ...**

તો ચાલો ફરી મળીશું નવા વર્ષના નવલા દિવસે.... નવયુગના દળદાર અંક સાથે..... અસ્તુ.

# પ્રમુખ નોંધ

શ્રી મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌને નમસ્કાર

દિવાળીનો તહેવાર, નવરાત્રી મહોત્સવ નજીક આવી રહ્યા છે. સૌ જ્ઞાતિજનો તેને માણવા આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. મિત્રી, દિવાળીના તહેવારમાં આપણે આપણા જ્ઞાતિના દર્પણ સમા નવયુગમાં જાહેરાત આપવાનું ન ભુલીએ.. તમારા ઘરે કોઇ કાર્યકર મિત્રો જાહેરાત માટે ન આવી શકયા હોય તો નવયુગના ઈમેલ પર જાહેરાત મોકલી તેનો ચાર્જ નવયુગના એકાઉન્ટમાં જમા કરાવી તંત્રીશ્રીને જાણ કરવા વિનંતી કરું છું. મિત્રો આપણાં સમાજની સાથે સાથે સમાજ બહાર લોકો પાસેથી પણ જાહેરાત ઉઘરાવી નવયુગને આપીએ.. સમય મર્યાદામાં જાહેરાત ચહોંચતી કરવા વિનંતી કરું છું કે જેથી નવયુગના તંત્રીશ્રીનું કાર્ય સરળ બને...

આગામી ડિસેમ્બર-૨૦૧૬માં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને શ્રી પંચોલી સેવા સમાજ નવસારી આયોજીત ક્રિકેટ સ્પર્ધા-૨૦૧૬નું આયોજન થઇ રહ્યું છે. જેમાં ઉદાર હાથે આર્થિક સહકાર આપવા વિનંતથી કરું છું. મોટા અને નાના એકમો પણ યથાશકિત આર્થિક સહકાર આપશો તો નવસારી ટીમનું કાર્ય સરળ બની રહેશે.. સૌને યોગદાન આપવા વિનંતી કરું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત સ્વયં સુરત આયોજીત ઉડાન-૨નું આયોજન સુરત મુકામે ફેબ્રુઆરી-૨૦૧૭માં કરવામાં આવી રહ્યું છે. તે પહેલા દરેક એકમમાં યુવા સંગઠનની રચના થાય, દરેક એકમમાંથી મોઠી સંખ્યામાં યુવાનો હાજર રહે અને સુરત ટીમને આર્થિક સહકાર પ્રાપ્ત થાય તે માટે દરેક એકમ/દાતાઓને વિનૃંતી છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સમાજ સુરક્ષા યોજનાની મિટિંગ બોલાવવાનું આયોજન થઇ રહ્યું છે. તેમાં સમાજ સુરક્ષા યોજનાના તમામ સભ્યો હાજર રહે તે ઇચ્છનીય છે. સમાજ સુરક્ષા યોજના ને લગતા નિર્ણયો તેમાં લેવાશે જે તમામ સભ્યોને બંધન કર્તા રહેશે. જેથી તમામ મિત્રો તથા સભ્યોને હાજર રહેવા વિનંતી કરું છું. સરકારશ્રી ના કાયદા મુજબ ઈન્કમટેક્ષ પણ વધુ ભરવાનો થતો હોય સમાજ સુરક્ષા યોજનાને લઇ નિર્ણયો લેવા પડે એમ છે. જેથી આપણે સૌ ભેગા મળી નિર્ણયો લઇશું તમામની હાજરી અનિવાર્ય બની રહે છે..

આપણી પાસે તમામ સહાય અંગેનાં ફંડો વ્યાજ વપરાશ ફંડ છે. વ્યાજની ટકાવારીમાં ક્રમશ ઘટાડો થતાં વ્યાજની આવક પણ ઓછી થાય છે જેથી સહાય આપવામાં આપણે મુશ્કેલીઓ અનુભવીએ છીએ અને પૂરતા પ્રમાણમાં સહાયરૂપ બની શકાતા નથી. સૌ મિત્રોને ફરી વિનંતી કરૂ છુ કે સ્વર્ણિમ ફંડ ની રકમ આપણે પાંચ વર્ષ સુધી રૂા. ૧૦૦૦/-, ૨૦૦૦/- અને ૫૦૦૦/- યથાશકિત પ્રમાણે આપવાની છે જે રકમ સીધી દર વર્ષે આપણે આપણા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આપી શકીએ છીએ, મિત્રો સામાન્ય માં સામાન્ય જ્ઞાતિજનો પણ સમાજનું ઋણ ચુકવે એ ધ્યાનમાં લઇએ આપણે વર્ષે રૂા. ૧૦૦૦/- ની રકમ પાંચ વર્ષ માટે આપવાની છે તો દરેક જ્ઞાતિજનો આ સમાજ સેવાનાં સેવા યજ્ઞમાં સહભાગી બને તેવી વિનંતી કરૂ છું. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

# શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈ

## સામાન્ય સભા





શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા -ઉનાઈની સામાન્ય સભા તા. ૪.૯.૨૦૧૬ના રવિવારના રોજ સ્વ. ઈલાબેન અને સ્વ. વિરમતીબેન જમનાદાસ ભગવાનજી હોલમાં સવારે ૧૦.૦૦ કલાકે મળી હતી. જેમાં વ્યારા, ઉનાઈ, ગણદેવી, બીલીમોરા તથા પંચોલના જ્ઞાતિજનો હાજર રહ્યા હતાં.

પ્રમુખશ્રી મનિષભાઈએ સભામાં હાજર રહેલ સર્વે જ્ઞાતિજનોને આવકાર્યા હતાં. ત્યારબાદ એજન્ડા મુજબની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી હતી.

ઠરાવ : ૧ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવા બાબત

પ્રમુખશ્રી મનિષભાઈએ વર્ષ દરમ્યાન દિવંગત થયેલ જ્ઞાતિજનોના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

ઠરાવ નં. : ૨ ગત સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી

સહમંત્રી શ્રી નિતિનભાઈ ગાંધીએ ગત તારીખ ૨૩.૮.૨૦૧૫ની સામાન્ય સભાના ઠરાવ નં.૩નું વાંચન સભા સમક્ષ કર્યુ. જે બરાબર હોય હાજર રહેલ સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી.

ઠરાવ નં. ૩ સને ૨૦૧૫-૧૬ના વર્ષના હિસાબો મંજુર કરવા બાબત

મંત્રીશ્રી સુમનભાઈ મિસ્ત્રીએ સને ૨૦૧૫-૧૬ના વર્ષના હિસાબોનું વાંચન સભા સમક્ષ કર્યુ. તેમજ છેલ્લા પાંચ વર્ષની આવક જાવકની વિગતો તથા બાંધકામ માટે મળેલ દાન અને બાંધકામ પેટે થયેલ ખર્ચની વિગતો રજુ કરી જે બરાબર હોય સભાએ સર્વાનુમતે મંજુર કર્યા.

ઠરાવ નં. ૪ : સભાના સમયે પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો - પ્રમુખશ્રી મનિષભાઈએ તેમને ૧૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો તેમ જણાવ્યું. આ સમય દરમ્યાન વાડીને સગવડતાપૂર્ણ બનાવવા માટેના નવા હોલનું નિર્માણ કર્યુ. અને વાડીની ખુલ્લી જગ્યામાં રસોડું તથા શેડ બનાવવા માટેના નવા હોલનું નિર્માણ કર્યુ અને વાડીની ખુલ્લી જગ્યામાં રસોડું તથા શેડ બનાવ્યો. આ કાર્ય કરવા માટે દાન આપેલ દાતાઓનો તથા કાર્યકર્તાઓનો આભાર વ્યકત કર્યો.

વાડીને હજુ વધુ સગવડતાભરી બનાવવા માટે આવકને ધ્યાનમાં રાખી નીચે મુજબના કાર્યો થવા જરૂરી છે. એમ સભા સમક્ષ રજુઆત કરી.

-વાડીમાં સરકારશ્રીની નિતિ નિયમ મુજબ સી.સી.ટી.વી. કેમેરાની સગવડ હોવી જોઈએ.

- રસોડાનાં ભાગમાં બનાવેલ સેડમાં ખુલ્લી જગ્યાએ ચેનલ ફેન્સીંગ કરાવી બંધ કરવું જરૂરી છે.

- રસોઈના સાધનો મૂકવાના હોલની ઉપર તથા ઉપરના હોલની બહાર ટોઈલેટ બ્લોક પાસે પતરાનો શેડ બનાવવાનું જરૂરી છે.

- વાડી ભાડે આપવાના સમયે એક નાના રૂમની જરૂરીઆત હોય તે વિચારવું જોઈએ..

- રસોડા વિભાગમાં બનાવેલ શેડમાં પંખાની જરૂરીઆત છે તથા ફલોરીંગના પથ્થરો બદલી કોટા સ્ટોન ફીટીંગ કરાવી શકાય.

- વાડીમાં જરૂરીઆત મુજબના રસોઈના સાધનો નવા ખરીદવા જરૂરી છે.

- સામાન્ય સભામાં હાજરી ઓછી થતી જણાતી હોય મહામંડળની સભાનું આયોજન એક વર્ષના આંતરે ઉનાઈવાડીની સભાનું આયોજન સાથે કરવું જોઈએ. એમ જણાવ્યું.

ઠરાવ : ૫ - નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા બાબત.-મનિષભાઇએ પોતાના હોદ્દાની મુદત પૂર્ણ થતી હોય તેમના સહિત તમામ હોદ્દેદારોને ખારેજ કર્યા તથા નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા સભા સમક્ષ વિનંતી કરી. તથા મનિષભાઇએ નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા સભા સમક્ષ વિનંતી કરી તથા મનિષભાઇએ નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા માટેના નામો સભા સમક્ષ જણાવ્યા. સભામાંથી હાલના હોદ્દેદારોને વધુ ર વર્ષની મુદત માટે રહેવા રજુઆત કરવામાં આવી. જે બાબતે મનિષભાઇએ અનિચ્છા દર્શાવી. ત્યારબાદ ચર્ચા વિચારણાને અંતે મનિષભાઇએ સુચવેલ નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી.

સુમનલાલ મગનલાલ મિસ્ત્રી-પ્રમુખ
નિતિનભાઇ મોહનલાલ ગાંધી-ઉપપ્રમુખ
ભરતકુમાર ચંપકલાલ ગાંધી-મંત્રી
હર્ષવદન પરસોત્તમભાઇ મિસ્ત્રી-સહમંત્રી

ઉપરોક્ત હોદ્દેદારોની નિમણૂંક વ્યારાના ભદ્રેશભાઇ મિસ્ત્રી, સનતભાઇ પંચોલી તથા બીલીમોરાના શોભાબેન તથા કિશોરભાઇ મિસ્ત્રી અને હાજર રહેલ સર્વે સભ્યોએ મંજુરી આપી ટેકો આપ્યો.

હોદ્દેદારોની નિમણૂંક ત્રણ વર્ષની રહેશે એમ સભામાં નક્કી કરવામાં આવ્યું. તથા વાડીનો નાણાંકીય લેવડ દેવડ કરવા માટેની સત્તા પ્રમુખ તથા ઉપપ્રમુખ પૈકી એક અને મંત્રી તથા સહમંત્રી પૈકી એક એમ બન્નેની સંયુક્ત સહીથી બેન્ક તથા અન્ય નાણાંકીય વહીવટ કરી શકાશે. એમ સભા દ્વારા નક્કી કરવામાં આવ્યું.

વ્યારાના ભરતભાઇ સી. પંચોલીએ તેમના માતુશ્રી કૈવલધામવાસી શારદાબેન ચંપકલાલ પંચોલીનો ફોટો વાડીમાં મુકવાની જાહેરાત કરવામાં આવી.

અંતમાં વાડીનો વહીવટ સંભાળનાર વિશાલભાઇ પંચોલીની કામગીરને બિરદાવી તથા રસોડાની કામગીરી માટે વ્યારાના હર્ષવદનભાઇ તથા સર્વે જ્ઞાતિજનોના સાથ-સહકાર અને સેવા આપવા બદલ સૌનો આભાર વ્યક્ત કરવામા આવ્યો તથા મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી. સર્વે જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણી છુટા પડયા.

# કાવ્ય

## માનવીએ બદલાય જાય...

હૈયે હોય તે હોઠથી બોલાય જાય
સમય આવે માનવીએ બદલાય જાય

કોકના પંથે કાંટા ન બીછાવ, સુમન સમ સંગ કર
પુજાયે ફુલો જયમ, તવ જીવન પાવન બની જાય..

મંદિર કે મસ્જિદમાં ભેળા થય ભકતજન શ્રદ્ધા થકી
અફસોસ કે માનવી ઇશ્વર સંગ માણસાઇ ભૂલી જાય.

આદર્શના ધાગા મહીં કર્મો ફુલોની માળા ગુંથ
નત મસ્તકે નમે માનવને શાશ્વત પ્રેમ મળી જાય.

રાહ એવી ચીતરજે પગલા પથ્થર બની પૂજાય
માનવી બે ગજ કફન સીવાય સંગે આવે ન કાંઇ

લઇ આશિષ દિન તણાં ઉજાળજે કોંકના દિલ
દુર્જનનો સંગ નવ કરીએ કે પવિત્રતા ધોવાય જાય..

તરૂવરનો ઓથ લઇ વેલો પગભર ઉભો થયો.
સુખ સમે ગુણ વિસરી અવગુણી થઇ જાય

શ્રદ્ધાનો દીપ જલાવી જીવનમાં પ્રકાશ ઉજાળતું
ઉજાગર કરીએ તવ અંતરમાં લાગણીઓ ઉભરાય

કાંટાળો પંથ કાપતા જો જો રહેના દિલમાં ડંખ
'અધીર' જીવન એવું ગુજારજે કોઇ હસે કોઇ રોય...

અમૃત સી. પંચોલી 'અધીર'

# આમ કેમ ? ? ?

સમગ્ર સંસારમાં જે ભગવાનને ભજે તેને અને ન ભજે તેને પણ સરખા જ ગણે છે... સૂર્યદેવ પણ દરેકને એક સરખો તડકો આપે છે ચાહે ગરીબ હોય કે તવંગર, એવી જ રીતે નવયુગ પણ આજે ૫૪ વર્ષથી વિના મૂલ્યે દરેક જ્ઞાતિજનોને મળે છે... ચાહે જાહેરાત આપે કે ન આપે... નિયમિત દરેક ને પહોંચે છે... અને હાં... પોસ્ટમાં જતા નવયુગ અનિયમિત હોય છે કોઈને મળે છે કે ન પણ મળે.... પણ દરેક જ્ઞાતિજનોના નવયુગ તો અંકલેશ્વરથી પોસ્ટ થાય જ છે.....

નવયુગ શ્રી પંચોલી સેવા સમાજનું માનસ સંતાન છે.... એનું લાલન-પાલન કરવાની જવાબદારી દરેક જ્ઞાતિજનોની છે... તો વર્ષમાં એક જ ટાણું આવે છે નવયુગ માટે કંઈક કરવાનું ? જાહેરાત મોકલવાનું.. કે શુભેચ્છા ભેટ આપવાનું... છતા પણ ખબર નથી પડતી કે પંચોલીનવયુગ માટે નારાજગી કેમ ? બધો રોશ પંચોલી નવયુગ પર જ

કેમ ? ? ?

કોઈ કહે....મારી દીકરીનો ફોટો ન છાપ્યો આથી જાહેરાત ન આપુ...?

કોઈ કહે મારી જાહેરાતમાં ભુલ આવી છે આથી જાહેરાત ન આપું ?

કોઈ કહે મારી જાહેરાત બીજાના નવયુગમાં છે અને મારા નવયુગમાં જ ન આવી આથી જાહેરાત ન આપું ?

કોઈ કહે દિવાળી નવયુગ નથી મળ્યું આથી જાહેરાત ન આપું ?

પણ નવયુગ નથી બોલી શકતું કે જે જાહેરાત ન આપે તેને ત્યાં હું ન જાઉં... બધા પર સરખો પ્રેમ.. આપનો ગુસ્સો બરાબર છે.. આપની વાત બરાબર છે .... પરંતુ ગુજરાતીમાં એક કહેવત છે 'ક્ષમા વિરસ્ય ભુષણમ્' આપણે આપણું બાળક ગમે એવી નાની મોટી ભુલો કરે તો માફ નથી કરતા ? ? ? આપણે સમય મર્યાદા જોતા નથી, આપણે નવયુગમાં આપેલ સુચનાઓ બરાબર વાંચતા નથી... બીજું પાછળથી આવતી જાહેરાતો અને તેનું સેટીંગ, પાનાનું સેટીંગ, બાઈન્ડીંગ કામ વિગેરે છેલ્લે બધુ સાથે જ થઈ જતું હોય છે... બીજી વાત 'માણસ માત્ર ભુલને પાત્ર' કાર્ય કરે તો ભુલ થાય કાર્ય કરે જ નહીં તો...?????

જ્ઞાતિજનો નવયુગના આપણે મા-બાપ છે.. આપણે એને ચલાવવાનું છે... તો પછી શા માટે નવયુગ પર નારાજગી... કે પછી મારાથી કોઈ ભુલ થઈ છે ??? ભુલ જણાવશો તો સુધારી શકાશે ન જણાવો તો ખબર કેમ પડે... બીજુ આપણે હેત નીતરતું હૈયુ રાખી નવયુગ પર હેત વરસાવીએ.. જેવી રીતે આપણા બાળકો પર વરસાવીએ છીએ...આ સંસ્થાનું કાર્ય છે અને સંસ્થાનું સંચાલન આપણાં બધા થકી જ છે.. તો આ નવયુગ મળે તુરત જાહેરાત મોકલશો..

તંત્રીશ્રી-દિનેશ મિસ્ત્રી

# મારું કાર્ય......

લગ્નના ફોટા-કુર્યાત સદા મંગલમ દ્વારા....
જન્મની વધાઈ - દેવના દિધેલ દ્વારા...
વસમી વિદાય - એકવાર જાવું હરીના ધામમાં
તેજસ્વી તારલા - આપની પ્રગતિનો ગ્રાફ
પ્રગતિ - વિવિધ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ....
વર્ષગાંઠ ૧થી ૫ વર્ષના બાળકો તથા ૫૦મી અને ૭૫મી વર્ષ ગાઠ - -હેપી બર્થડે દ્વારા..
મેરેજની ૨૫મી અને ૫૦મી એનીવર્સરીએ-હેપી એનીવર્સરી દ્વારા
બધુ જ ફ્રી ઓફ ચાર્જમાં..... તમારા સારા-માઠા પ્રસંગોએ, આનંદના પ્રસંગોએ... તમારી સાથે જ....પંચોલી નવયુગ

નવયુગની સાથે ઉપરોક્ત જણાવેલ તમારી ખુશીઓમાં કે પ્રગતિમાં નવયુગ સાથે છેજ પણ તમે પણ ઉપરોક્ત બાબતો માં પા-અડધા કે આખા પાની એડ આપી એમાં સાથ પુરાવો... સારા માર્કસે પાસ થનાર બાળકોને જાહેરાત દ્વારા પ્રોત્સાહિત કરો કે જેથી બાળકો ડીસએપોઈન્ટ ના થાય. અને દિપોત્સવી અંકમાં જાહેરાત આપવાની ફરજ તમારી પણ છે... બરાબરને ? ? ?
તો ચાલો.... સાથે મળીને.... કાર્ય કરીએ
અને સમાજની પ્રગતિમાં સહાયરૂપ બનીએ....

# તુંકારો.

પલ્લવી જીતેંદ્ર મિસ્ત્રી.
અમદાવાદ

-જેન્ટલમેન, ઊઠો, આ મારી સીટ છે.
ટ્રેનના રીઝર્વ કોચ માં પહેલેથી પોતાની સીટ પર બેસી ગયેલા એક ભાઈને પાછળથી આવેલા બીજા સદગૃહસ્થે કહ્યું.
-અરે ! આવી જાવ ને બાપુ, લ્યો અહી આરામથી બેસો.
સીટ પર બેસી ગયેલા ભાઈએ જરા ખસીને બેસવાની જગ્યા કરી આપતા હસીને સીટના દાવેદારને કહ્યું.
-એમ થોડી જગ્યા કરી આપવાથી નહિ ચાલે, હું આટલી અમથી જગ્યામાં નહિ બેસું. તમે અહીંથી ઊઠી જાવ.
સદગૃહસ્થે રોફ બતાવતા ઉંચે અવાજે કહ્યું એટલે બધા પ્રવાસીઓ નું ધ્યાન એ તરફ દોરાયું.
-હું અહીંથી ઊઠીશ તો બીજો કોઈ બેસી જશે.
-બીજાની ચિંતા કરવાની તમારે જરૂર નથી, સમજ્યા?
-પણ મારી ચિંતા તો હું કરું કે નહિ?
-તમારી વાત તમે જાણો, અહીંથી ઊઠો, આ જગ્યા મારી છે.
-મેં ક્યારે કહ્યું કે આ મારી જગ્યા છે? બોસ, તમારી જ જગ્યા છે, તમે બેસો.
-તો પછી ભલા થઈને ઊઠી જાવ તો હું બેસું.
-નહિ ઊઠું તો શું કરી લેશો?
-નહિ શેના ઊઠો? આ જગ્યાનું રીઝર્વેશન મેં કરાવ્યું છે.
-કરાવ્યું હશે. આખી ગાડીનું રીઝર્વેશન તો નથી કરાવ્યું ને?
-વ્હોટ ડુ યુ મીન?
-આઈ મીન વ્હોટ આઈ સેઇડ. રૂઆબ તો એવો મારો છો જાણે આખી ગાડી તમારા બાપની હોય.
-જો...જો... કહી દઉં છું, બાપ સુધી ના જાવ.
-જઈશ, સાડી સત્તર વાર જઈશ. શું કરી લેશે તું?
-અરે, અરે! મને 'તુંકારે' બોલાવે છે? મેં તમને સજ્જન ધાર્યા હતા.
-સજ્જન છું, ત્યારે જ તો તને બેસવા સીટ આપું છું.
-સીટ આપે છે તે કઈ ઉપકાર નથી કરતો. એક તો મેં રીઝર્વ કરાવેલી સીટ પડાવી લીધી છે, અને ઉપરથી...
-ક્યારનો મારી સીટ... મારી સીટ... કરે છે તે ગળે બાંધીને લઇ જવાનો છે કે?
-લઇ પણ જાઉં. તારા બાપનું કઈ જાય છે?
-એય, મોં સંભાળીને બોલ, નહીતર...
-નહીતર શું? ના..ના, શું કરી લઈશ તું?
-જોવું છે? લે, લેતો જા.
-અલ્યા, મને ધક્કો મારે છે? મારતા મને પણ આવડે છે, સમજ્યો?
-માર્યા માર્યા હવે. આંગળી તો અડકાડી જો.
–જા, જા. તારા જેવા સાડી સત્તર જોયા.
-એમ? લે તો પછી, આ અઢારમાં ને પણ જોતો જા.

કોઈવાર ટ્રેનની મુસાફરી દરમ્યાન રીઝર્વેશન અને અપ – ડાઉન વાળા વચ્ચે ઉપર મુજબની બોલાચાલી – હુંસાતુસી જોવાની – સાંભળવાની ખુબ મઝા પડે છે. પ્રથમ સામાન્ય સંવાદ, પછી તુંકારો, પછી ગાળાગાળી અને છેલ્લે વાત મારામારી કે ઝપાઝપી સુધી પહોચે છે. એમની વચ્ચેના સંવાદો જે ઝડપથી રૂપ બદલીને વિકાસ પામે છે, એનાથી આપનું ભાષાજ્ઞાન વધે છે. શહેરીજન માનવાચક સંબોધનથી ટેવાયેલો હોય, એને 'તુંકારો' અપમાનજનક લાગે છે. પણ ગામડા ગામમાં તો 'તુંકારો' સામાન્ય રૂપે ચલણમાં હોય એની કોઈને નવાઈ નથી લાગતી. તેઓ એને સ્વાભાવિક રૂપે સ્વીકારે છે, એના જાતે અનુભવેલા ત્રણ ઉદાહરણો તમને આપું એટલે તમે સહેલાઈથી સમજી શકશો.

**૧- શાકવાળી અને ગૃહિણી (ગ્રાહક) વચ્ચેનો સંવાદ:**
-હાક આઈવું હાક, બુન, હાક લેવું સે?
-ગુવારશીંગ કેમ આપી?
-૨૦ રૂપિયાની હેર. ( શેર= ૫૦૦ ગ્રામ)
-બહુ મોંઘી છે ને કઈ?

-હારું, તને ૧૮ રૂપિયે આપા (આપીશ) લઇ લે બુન, બીજું હું લેવું સે? કૂણા – કૂણા ભીંડા સે, ને મખમલ જેવી પાપડી સે, બીજા પાંહે ની મલહે, લઇ લે, ના ની કે'તી.

**૨-શેઠાણી અને કામવાળી નો સંવાદ:**

-લખમી, કાલે સવારે આઠ વાગ્યે આવી જજે, મોડું નહિ કરતી.

-આઠ વાગે તો નીં અવાય. ઈસ્પિતાલમાં હો મારે વાળવા જવાનું કે નીં?

-તે એક દિવસ વહેલી ઊઠજે.

-કેમનીકને વે'લી ઊઠું? રાતના વાહણ કાઢતાં તું જ તો દહ વગાડે છે. પસી મને ઘેર જઈને પરવારતાં અગ્યાર વાગી જાય સે.

-હવે તો હું નવ વાગ્યે વાસણ કાઢી આપું છું ને?

-ઈ વાત હાચી. પણ તારી એકલીને તાં જ થોડી કામ કરતી સું? બીજા પાંચ ઘેર કામ કરું ને છઠ્ઠું મારું ઘર. તારે તો બસ, જીપ (જીભ) ચલાવવાની ને મારે હાથ હલાવવાના. ઊં તો નવ વાગે આવા, ચાલહે ને?

-ચલાવ્યા વગર કઈ છૂટકો છે?

**૩-ઓફિસર અને પટાવાળા વચ્ચે નો સંવાદ:**

-જેન્તી (જયંતી) કાલે કેમ દેખાયો નહિ?

-કુવારે તો ઉતો (હતો) સાયેબ.

-જોશી સાહેબ કુવારે રાઉન્ડ મારવા ગયેલા, પણ તું ત્યાં નહોતો એમ એમણે કહ્યું.

-ઊં તો તાં જ ઉતો. પણ જોશી સાયેબ જ તાં ની આવેલો. ઊ ઓફિસમાં ગયો તો દેહાઈ સાયેબ હો ઘેર જવા નીકળી ગેયલો. ને ઊ ટીફીન લેવા તારે ઘેર ગીયો તો ભાભી જ ની મલે, ટીફીન આપે કોણ?

-કુવારો સાફ કર્યો તો કે?

-ની ત્યારે? ઈ સાફ કરી કરીને તો આંગળાના ટેભા હો ઘસાઈ ગિયા. કુવારાનું કામ બહુ અઘરું સે. તું જોશી સાયેબ કે દેહાઈ સાયેબને કઈ દેજે કે મને બીજું કઈ કામ હોંપે. મારે આ કામ કરવા કરતા ટીફીન આપવા જવાનું કામ જ હારું સે.

# હેત નીતરતું હૈયું.....

હીરા.. મોતી... સોના ચાંદીના આભુષણ શ્રીમંતોને પરવડે પણ 'હેતનું અણમોલ નજરાણું આપણને બધાને પરવડે.. જે જીવનની ગમે તેવી કટોકટીમાં સહુની ઉપર હેતની હેલી વરસાવી શકે છે..

સ્વયં હસી, બીજાને હસાવી શકે છે..

એજ સાચા અર્થમાં જીવન જીવી જાણે છે..

આવું હેત નીતરતું હૈયુ જેની પાસે હોય એના શબ્દમાં જેમ શકિત હોય છે તેમજ એના હેત ભરેલા હાથમાં પણ અકલ્પનીય શકિત હોય છે.. જયારે હેત નીતરતો હાથ જયારે બાળકના મસ્તક પર ફરી વળે છે ત્યારે બાળક પોતાના બધાજ દુઃખો.. દર્દો ભુલી જાય છે અને અવર્ણનિય શાંતિનો અનુભવ કરે છે..

સૂર્ય અસ્તાચલ તરફ આગળ વધ્યો... દિવસ પૂર્ણ થયો... સંધ્યા ખીલી ઉઠી...અલ્પ સમયમાં અંધકારની ચાદર પૃથ્વી ઉપર ફેલાઇ ગઇ. માનવી પોતાના ઘર તરફ પાછા વળ્યા... પંખીઓ માળામાં ગોઠવાય ગયા, નાના બાળકો માતા-પિતાની પાસે પહોંચી ગયા.

એક બાળક પોતાના પિતા પાસે જીદ કરવા લાગ્યું ' પપ્પા મને વાર્તા કહો'

ન છુટકે પપ્પાએ વાર્તા સંભળાવી. વાર્તા સાંભળતા સાંભળતા બાળક એના પપ્પાના ખોળામાં ઉંઘી ગયું.

બીજા દિવસની રાત પડી બાળક ફરીથી પિતા પાસે પહોંચી ગયું અને કહે 'પપ્પા વાર્તા સંભળાવોને '

પપ્પા કહે 'બેટા, કાલે વાર્તા સંભળાવી ને, રોજ રોજ વાર્તા ન હોય.'

પણ બાળકે જીદ ન છોડી, એણે વાર્તા સંભળાવવાની પોતાની માંગણી ચાલુ રાખી. બાળ હઠ સામે પિતાને નમતું જોખવું પડયું. એમણે વાર્તા સાંભળાવી, વાર્તા સાંભળતા સાંભળતા જ બાળક નિદ્રાધીન થઇ ગયું.

પણ આ આધુનિક પપ્પા પાસે રોજે રોજ વાર્તા સંભળાવવા માટે સમય ન હતો. એમણે બીજા દિવસે કથાઓ સંભળાવતી એક કેસેટ ખરીદી લીધી.

રાતે બાળકે ફરી વાર્તા સંભળાવવા કહ્યું ત્યારે એને કેસૅટ આપી.. કેમ વગાડવી ? તે સમજાવી દીધું. બે દિવસ શાંતિ પૂર્વક વીતી ગયા. ત્રીજા દિવસની રાત્રીએ ફરી બાળક પિતાજી પાસે પહોંચી ગયું.

'પપ્પા મને વાર્તા સંભળાવોને..

પપ્પાએ કહ્યું. 'બેટા તને કેસૅટ આપી છે ને, એમાંથી વાર્તા સાંભળી લે..'

બાળક કહે 'પપ્પા મારે કેસૅટ નથી સાંભળવી.. મારે તમારી જ વાર્તા સાંભળવી છે..

પપ્પા બોલ્યા 'ડાહ્યા બાળકો પપ્પાનું કહ્યું સાંભળે.. પપ્પાને હેરાન ન કરે.. જા કેસૅટ લગાડી વાર્તા સાંભળી લે.. કાલે બીજી નવી કેસૅટ લઇ આવીશ.'

ના.. ના.. મારે નથી જોઈતી કેસૅટ.. પપ્પા તમે જ વાર્તા કહોને..? નાનું બાળક પપ્પા પાછળ પડ્યું.

અંતે પપ્પાએ બાળકને પૂછ્યું ' કેમ તને કેસૅટની વાર્તાઓ નથી ગમતી ? શું એમાં સરસ વાર્તાઓ નથી..'

બાળકે જે જવાબ આપ્યો તે આજના સહુ માતા-પિતાએ સમજવા જેવો... વિચારવા જેવો છે.

બાળકે પોતાની સહજ ભાષામાં કહ્યું 'પપ્પા, કેસૅટ વાર્તા સંભળાવે છે.. પણ.... પણ એ મને પોતાના ખોળામાં સુવાડતી નથી.. પ્રેમ વાત્સલ્યથી પંપાળતી નથી... પપ્પા એનાથી મને ઉંઘ આવતી નથી. પપ્પા તમે જ મને વાર્તા સંભળાવોને '

પપ્પાના હૃદયમાં વાત્સલ્યભાવ જાગૃત થયો.. પપ્પાએ બાળકને છાતી સરસો ચાંપી લીધો અને પ્રેમથી પંપાળતા રહ્યા.. પછી દરરોજ રાતે પપ્પા બાળકને વાર્તા સંભળાવતા રહ્યા..

નથી લાગતું બાળક પ્રેમ વાત્સલ્યનું ભુખ્યું છે....?

આજે સુખી ઘરના મા-બાપ બાળક પાછળ અઢળક સંપત્તિ વાપરી રહ્યાં છે. બાળકને સારી સ્કૂલમાં દાખલ કરવા ખોબો ભરીને ડોનેશન આપે છે. ઘણી મોટી રકમ - ફી - પુસ્તકો - યુનિફોર્મ - ટયુશન પાછળ ખર્ચે છે. ઘણા પ્રકારના કલાસ અને ટયુશનમાં મોકલે છે જુદી જુદી જાતના મોઘેરાં રમકડાના ઢગલા કરે છે. બધાજ પ્રકારની સગવડો કરી આપે છેપ છતાં બાળકો જીવનથી કંટાળી રહ્યા છે. એમનાં જીવનમાં કંઇક ખુટી રહ્યું છે. માતા-પિતા અને બાળક વચ્ચે પ્રેમ - વાત્સલ્યના સંબંધ જોઇએ એમાં કયાંક ખામી આવી ગઇ છે. માતા-પિતા પોતાનામાં પડયા છે. બાળકને બધું આપે છે.. આપી શકે છે પણ જે ખરેખર આપવાની જરૂર છે એ આપવામાં સદંતર નિષ્ફળ ગયા છે...

સાભાર : હેપી હોમ

લેખિકા : સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી

# જીવનનો સાચો આનંદ

શરદ પૂનમની રાત ઘણી વખત માણી હશે..
પણ કયારેય ચંદ્રમાની ચાંદનીને અંતરમાં ઉતારી છે ?
જો ચંદ્રમાની ચાંદનીને અંતરમાં ઉતારવાની
કળા આવડી જશે
તો જીવનમાં અપૂર્વ શીતલતાની અનુભૂતિ થશે...

બગીચામાં ઘણીવાર ફરવા ગયા હશો.
વિવિધ પુષ્પોની સુગંધ અનેક વેળા માણી હશે.
પણ કયારેક આ પુષ્પોના પમરાટને પામીને
મલકાટ ઉભરાયો છે ?
પુષ્પોનો પમરાટને પામનાર પોતાના જીવનને
સદાય મહેકતું રાખી શકે છે...

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# અધુરી કહાની...

મેં તને પહેલાં જ કીધું હતું કે આ સુરેન્દ્ર અને એની પત્ની સુનિતાનો ભરોષો કરવા જેવો નથી. ગમે તેટલી પાકી બહેનપણી હોય તોયે શું થઇ ગયું ? જોયું ને આનું પરિણામ.. આજે દોઢમહિનો થયો છતાં પણ લીધેલા રૂા. ૫૦,૦૦૦/- પાછા આપ્યા નથી.

સીમા ચુપચાપ સાંભળતી રહી.. કારણ કે તેના પતિ રાકેશની વાત ખોટી ન હતી.

જુઓ રાકેશ, હું અત્યારે જ સુનિતાને મળી આવું છું અને પૈસા પરત કયારે આપે છે ? એ પૂછી આવું છું. તમે જરાય ચિંતા કરશો નહીં. સુનિતાનું કામ પાકું છે. હિસાબમાં એ ચોકખી છે... કોઇ તકલીફ આવી ગઇ હશે.. સીમાએ પતિને શાંત પાડ્યા.

સીમા અને સુનિતા પાકા બહેનપણા છે. રાકેશ H.D.F.C. બેંકમાં મેનેજર છે જ્યારે સુનિતાનો પતિ સુરેન્દ્ર ઓછું ભણેલો હતો. શેરબજારમાં થોડો ઘણો નફો કરે તેમાંથી ગાડું ગબડતું હતું.

સુનિતાનો સ્વભાવ મળતાવડો હતો. રસોઇમાં તે એક્સપર્ટ હતી. વિધ વિધ નાસ્તા એવા બનાવે કે બધા આંગળાં ચાટતા રહી જાય.

બે-પાંચ હજારની મદદ તો કેટલીવાર સુનિતાને સીમાએ કરી હતી. દર વખતે સુનિતા સમયસર પૈસા પાછા આપતી હતી. એટલે સીમાને સુનિતા પર પૂરેપુરો ભરોષો હતો. આ વખતે પુરા ૫૦,૦૦૦/- હજાર માંગતા સુનિતાની પણ જીભ ઉપડતી ન હતી. પણ મને કમને સીમા પાસે કરગરી. 'સીમા આ છેલ્લીવાર મદદ કરી દે ' સુરેન્દ્રને મે શેરબજારનું કામ છોડવા મેં ઘણો સમજાવ્યો. પણ માન્યો જ નહીં. અને સટ્ટામાં રૂા. ૫૦,૦૦૦નું નુકશાન થયું. ઉઘરાણી વાળા રાત-દિવસ એમની આગળ પાછળ ફર્યા કરે છે. હું તને ૧૫ દિવસમાં ૫૦ હજાર ગમે તેમ કરીને આપી દઇશ. મારી લાજ રાખી લે સીમા...'

સીમા પણ મુંઝાય ગઇ. પતિ રાકેશને કઇ રીતે સમજાવવો પણ હિંમત કરીને રાકેશને મનાવીને બહેનપણી સુનિતાને રૂા. ૫૦,૦૦૦/- હજારની મદદ કરી. ૧૫ દિવસને બદલે દોઢ મહિનો થવા છતાં સુનિતા તરતથી રૂા. પરત ન મળતા રાકેશનું મગજ ગરમ થઇ ગયું. અને ગુસ્સો સીમા પર ઉતાર્યો. સીમા બપોરે ઘરનું કામકાજ પતાવી બીજી શેરીમાં રહેતી બહેનપણી સુનિતાને ઘરે રીક્ષામાં પૈસા પાછા માંગવા પહોંચી. નજીક પહોંચતા જોયું તો સુનિતાના ઘર પાસે ટોળું હતું. પોલીસની જીપ અને એમ્બ્યુલન્સ પણ સાયરન વગાડતી આવી. સીમા જલ્દી જલ્દી ટોળું હટાવી ઘરમાં દાખલ થઇ તો અવાક થઇ ગઇ....

સુનિતાના પતિ સુરેન્દ્રનો દેહ પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં હતો... હવે આગળ.....

### પ્રથમ વિજેતા

### આવું પણ બને ? ! ?

સીમા સુનિતાના ઘરનું દ્રશ્ય જોઇ હેબતાઇ ગઇ ! હવે થાય પણ શું ? ચાલ, જીવડા ઘેર... રાકેશને બધી વાત કરી. રાકેશે કહ્યું : આતો ધરમ કરતાં ધાડ પડી... ખરૂને ? ખેર ! છોડ એ વાતને નસીબ આગળ કયાં કોઇનું ચાલ્યું છે...

પંદરેક દિવસ પછી, ઢળતી બપોરે સીમાનો કોલબેલ રણક્યો.. અત્યારે કોણ હશે ? બારણું ખોલતાં જ.. અરે ! સુનિતા ?... કેમ છે ?

સાંભળ મારી કહાની.. સુરેન્દ્રના અચાનક જવાથી મારા પર પહાડ તુટી પડ્યો... ઇશ્વર પણ દયાળુ છે.. શું કરવું તે પણ સમજણ પડતી ન હતી, સવાર થી સાંજ સુધી આંસુ સારતી રહી.. ત્રણેક દિવસ પછી એક ભાઇ સવાર સવારમાં આવ્યા.. તે સુરેન્દ્રભાઇના મિત્ર, જે એલ.આઇ.સી.ના એજન્ટ હતાં. તેમણે કહ્યું : ૧૫ દિવસ પહેલાં જ મે તમારા પતિને ૩ લાખની વિમાની પોલીસી આપી હતી. તમોને ખબર નહીં હોય એના ત્રણ લાખ રૂપિયા તમને મળે છે. લ્યો સહી કરો.. ચેક જોઇ હું સ્તબ્ધ થઇ ગઇ... કુદરત કેવો ખેલ ખેલે છે...

સ્વસ્થ થઇ તરત જ તું યાદ આવી.. આ ૫૦,૦૦૦/-નો ચેક.. ત્યાં જ રાકેશની એન્ટી... ચેક જોઇને સીમા - રાકેશની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યાં....

આવું પણ બને ? ! ?

**જય પંચોલી–અમદાવાદ**
**પ્રથમ વિજેતા**

## શ્રીજી પધાર્યા અમ આંગણે

**અંકલેશ્વર**
**૫ દિવસ**
શ્રીમતિ મીરાબેન તથા ડૉ. મહેશભાઇ એમ.મિસ્ત્રી
શ્રીમતિ નિર્મળાબેન અને શનુભાઇ કીકાભાઇ પંચોલી
**૧૦ દિવસ**
શ્રીમતિ સંગીતાબેન તથા શ્રી રમણભાઇ છગનભાઇ પંચોલી

**વડોદરા**
શ્રી મધુસુદનભાઇ સી. પંચોલી ૧૦ દિવસ
શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી ૩ દિવસ
શ્રી જયરાજભાઇ એ. પંચોલી દોઢ દિવસ
શ્રી ભરતભાઇ જી. પંચોલી ૧ દિવસ

**મુંબઈ**
**દોઢ દિવસ**
શ્રી-શ્રીમતિ ચેતના મહેન્દ્ર ચુનીલાલ મિસ્ત્રી- કુંભારવાડા
શ્રી-શ્રીમતિ ગીતાબેન જતીન નગીનલાલ મિસ્ત્રી-ખેતવાડી
શ્રી-શ્રીમતિ ઉર્મિ નિલેશ રમેશચંદ્ર પંચોલી- તારદેવ
શ્રી-શ્રીમતિ નિરંજના સુરેશ ચુનીલાલ મિસ્ત્રી- અંધેરી
શ્રી-શ્રીમતિ રેશ્મા કલ્પેશ શાંતિલાલ પંચોલી તથા
શ્રી-શ્રીમતિ જ્યોતિ મિતેષ શાંતિલાલ પંચોલી અંધેરી
નારીરત્ન મા. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી અંધેરી
શ્રી-શ્રીમતિ અનિતા યોગેશ હરગોવનદાસ પંચોલીકાંદીવલી
શ્રી-શ્રીમતિ ભાવના ઉમેશ મોહનલાલ પંચોલી કાંદીવલી
શ્રી-શ્રીમતિ અનિતા દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલી કાંદીવલી
શ્રી-શ્રીમતિ પ્રતિમા જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી બોરીવલી
શ્રી-શ્રીમતિ ફોરમ દેવાંગ કિરીટભાઇ ગાંધી મીરારોડ
શ્રી-શ્રીમતિ નીતા વિમલ શશીકાંતભાઇ મિસ્ત્રી મીરારોડ
શ્રી-શ્રીમતિ જાગૃતિ રાકેશ રમેશચંધ મિસ્ત્રી મીરારોડ
શ્રી-શ્રીમતિ ડૉ.કવિતા પ્રેમલ નરેન્દ્ર ગાંકી મીરારોડ
શ્રી-શ્રીમતિ કાજલ જીતેન્દ્ર ઉમેશચદ્ર મિસ્ત્રી વીરાર
શ્રી-શ્રીમતિ ઈલાબેન રજનીકાંત ચીમનલાલ પંચોલી વસઈ
શ્રી-શ્રીમતિ ભાનુબેન ભુપેન્દ્ર ગણપતરામ મિસ્ત્રી વીરાર
**૩ દિવસ**
શ્રી-શ્રીમતિ અપેક્ષા ફાગુન કાંતિલાલ પંચોલી કાંદીવલી
**૫ દિવસ**
શ્રી-શ્રીમતિ વિજયા પરેશ ચંદ્રકાંત પંચોલી શાંતાક્રુઝ
શ્રી-શ્રીમતિ ડૉ. ભાવના સંદીપ પ્રમોદરાય મિસ્ત્રી અંધેરી
શ્રી-શ્રીમતિ વંદના મયંક ઠાકોરભાઇ મિસ્ત્રી ગોરેગાંવ
શ્રી-શ્રીમતિ વીના મયુર જગદીશકુમાર મિસ્ત્રી મીરારોડ
શ્રી-શ્રીમતિ લીના રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી મીરારોડ
**૧૦ દિવસ**
શ્રીં-શ્રીમતિ સોનલ સંજય જયંતિલાલ મિસ્ત્રી-મીરોરોડ

## એકવાર જાવુ હરીના ધામમાં



બીલીમોરા (મુંબઇ) નિવાસી વિનોદચંદ્ર ગુલાબદાસ મિસ્ત્રી તા. ૨૩.૦૯.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ.૬૬



વડોદરા સમાજના માજી ઉપપ્રમુખ અને વડોદરાના સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી જીતેન્દ્રભાઇ જી. પંચોલી તા. ૧૯.૦૯. ૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ.૬૮



તેજગઢ નિવાસી અરવિંદભાઇ મગનલાલ પંચોલી તા. ૦૪.૦૮.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા.



રાજપીપલા (છત્રવિલાસ)નિવાસી ગં.સ્વ. મંજુલાબેન નગીનભાઇ પંચોલી તા. ૦૮.૦૯.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ.૭૮



રાજપીપલા (લુહારચાલ) નિવાસી ભાવેશકુમાર હર્ષદભાઇ પંચોલી તા. ૦૮.૦૯.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ.૪૦

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ, પાવી જેતપુર

તા. ૧૬.૦૮.૨૦૧૬ના રોજ પાવી જેતપુર એકમની એક મિટિંગ અને વિદાય સમારંભ પંચોલી એકમના પ્રમુખ શ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલી તથા મંત્રીશ્રી નિમેશકુમાર શંકરલાલ પંચોલીના સહયોગથી પાવીજેતપુર એકમના સહમંત્રી કનુભાઇ હિમંતભાઇને ત્યાં સાંજે ૭.૦૦ કલાકે મળી. પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇના પ્રમુખ સ્થાને રાખવામાં આવી.

પાવી જેતપુર એકમના તમામ અધ્યક્ષો તથા મહિલાઓ એકમના સહમંત્રીશ્રી કનુભાઇને ત્યાં એમના સુપુત્ર ચિ. પાર્થ કનુભાઇ પંચોલી વધુ અભ્યાસ અર્થે તા. ૨૭.૮.૨૦૧૬ના રોજ કેનેડા જવાના હોવાથી આજરોજ એમનું સન્માન અને વિદાય સમારંભના પ્રસંગ અંગે આયોજન કરવામાં આવ્યું. તમામ સભ્યો વતી સભાના પ્રમુખ શ્રીના વરદ હસ્તે પાર્થને શ્રીફળ, પુષ્પગુચ્છ અને સાકર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દ્વારા પરદેશમાં વધુ અભ્યાસ કરી ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા પંચોલી સમાજ તથા પાવી જેતપુર એકમનું નામ રોશન કરે તેવી પ્રાર્થના સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સહમંત્રી કનુભાઇએ આજનો સન્માન સમારંભ અને વિદાય સમારંભ રાખવા બદલ આભાર માનવામાં આવ્યો હતો. તથા પંચોલી નવયુગને રૂા. ૨૫૧ ભેટ આપવાની જાહેરાત કરી હતી.... અંતમાં હાજર રહેલ સૌ આઇસક્રીમનો રસાસ્વાદ માણી છુટા પડ્યા.ઇ

## શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને નિભાવફંડમાં નીચે મુજબનું દાન મળ્યું.

| | | |
|---|---|---|
| ૭,૦૧૭ | શ્રી મિહિર દિલીપ હરગોવિંદદાસ મિસ્ત્રી | સી.પી.ટેન્ક |
| ૨,૨૨૨ | શ્રી ક્રિષ્ણકાંત ગિરધરલાલ પંચોલી | લેમિંગ્ટન રોડ |
| ૨,૨૨૨ | શ્રી કૃણાલ ક્રિષ્ણકાંત પંચોલી | લેમિંગ્ટનરોડ |
| ૭,૦૧૭ | શ્રી દક્ષેશ સતિષ નવિનભાઇ પંચોલી | ખેતવાડી |
| ૭,૦૧૭ | શ્રી વિજય ભોગીલાલ પંચોલી | અંધેરી |
| ૨,૨૫૦ | શ્રી કલ્પેશ શાંતિલાલ પંચોલી | અંધેરી |
| ૨,૨૫૦ | શ્રી મિતેષ શાંતિલાલ પંચોલી | અંધેરી |
| ૨,૨૫૦ | શ્રી સંકેત રમેશચંદ્ર પંચોલી | તારદેવ |
| ૨,૨૫૦ | શ્રી નિલેશ રમેશચંદ્ર પંચોલી | તારદેવ |

વેબ સાઇટ ફંડ

| | | |
|---|---|---|
| ૭,૦૦૦ | સ્વ. ચુનીભાઇ છગનલાલ પંચોલી-ગોળદેવળના સ્મરણાર્થે શ્રી રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી તથા શ્રી જતિન ચુનીલાલ પંચોલી તરફથી મળ્યા. | |
| ૫,૫૫૫ | શ્રી જીજ્ઞેશ જીતેન્દ્ર પંચોલી વીલે પાર્લે | |
| ૧૧,૦૦૦ | શ્રી મુકેશભાઇ હિરેન્દ્રભાઇ ઝવેરી | અંધેરી |

ઉપરોક્ત દાન મળ્યુ છે.. દાતાઓનો ખૂબ ખૂબ આભાર

## શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરને ભરૂચ નિવાસી શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી ચેતનભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી તરફથી ઉત્તરાખંડની સફળતા પૂર્વક યાત્રા પૂર્ણ કરવા નિમિત્તે રૂા. ૫૦૦/ ભેટ આપ્યા છે.... દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર...

### શ્રી પંચોલી સમાજ – રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને મળેલ દાન

| | |
|---|---|
| ૫,૦૦૧ | સ્વ. નરેન્દ્રભાઇ નારણભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તે પદમાબેન નરેન્દ્રભાઇ પંચોલી-વડોદરા તથા શ્રી જયેશભાઇ નરેન્દ્રભાઇ પંચોલી-ભરૂચ (ફોટો સ્કીમ) |
| ૨૦૧ | સ્વ. ભાવેશકુમાર હર્ષદભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તે હર્ષદભાઇ ઉમંગભાઇ પંચોલી-રાજપીપલા |
| ૧૦૧ | ચિ. દેવ હિતેશકુમાર પંચોલીના જન્મદિન નિમિત્તે હસ્તે જગદીશભાઇ લલ્લુભાઇ પંચોલી-રાજપીપલા |



# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૫૭.૯.૨૦૧૬ના રોજ તેજસ્વીની મહિલા મંડળની મિટીંગ પ્રજ્ઞાબેન પંચોલીના નિવાસ સ્થાને મળી. જેમાં ૨૨ માંથી ૨૨ સભ્યો હાજર રહ્યા હતાં. પ્રથમ પ્રજ્ઞાબેને સૌને આવકાર્યા. પ્રજ્ઞાબેન અને નિતાબેનની મંગલ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. મંત્રી સપનાબેને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ. ચાલુમાસમાં આવતી બર્થડે એનીવર્સરી વિશ કરી સદ્ગત ના આત્માની શાંતિ માટે મૌન પાડી શ્રદ્ધાંજલી અર્પણ કરી. પ્રજ્ઞાબેને વન મિનિટ ગેમ રમાડી જેના પ્રથમ વિજેતા લીના ભરતભાઇ અને દ્વિતીય નિકુંજબેન વિજેતા થયા. વાનગી હરીફાઇમાં પ્રથમ આનંદીબેન અને દ્વિતીય નીતાબેન એચ. વિજેતા થયા. પિતૃપક્ષ-શ્રાદ્ધપક્ષ કેમ કરાય અને શ્રાદ્ધ વિષય પર પોતાનાવિચારો રજુ કર્યા. અને પ્રજ્ઞાબેને સુંદર ભજન રજુ કર્યુ. વાનગી હરીફાઇના નિર્ણાયક તરીકે સુરેખાબેને સેવા આપી. પ્રજ્ઞાબેને તેમને સ્મૃતિભેટ અર્પણ કરી.

આવતા માસમાં દિવાળી આવતી હોવાથી નવયુગની જાહેરાત માટે શીલાબેને રજુઆત કરી અને વધુમાં વધુ જાહેરાત લાવવાનો અનુરોધ કર્યો.

શ્રીજી પધાર્યા અમ આંગણે માં સભ્ય બહેનોને ત્યાં સ્થાપ્ના કરી હતી. જેમાં અવરનવર બહેનોએ જઇ દર્શન પૂજાનો લાભ લીધો હતો. આ માસમાં સરપ્રાઇઝ વાટસઅપ પર હાઉસી રમાડવાનું સુચન સુરેખાબેને કર્યુ.. જેના વિજેતા બહેનને ગીફટ આપવામાં આવશે એવું નક્કી થયું. અંતમાં હાઉસી રમ્યા. દ્રજ્ઞાબેને વિજેતા બહેનોને ગીફટ આપી નવાજ્યા. આગામી મિટિંગ નીતાબેન એચના ઘરે તા. ૪.૧૦ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું જેમાં તેઓએ ચણીયાચોલી પહેરીને આવવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં પ્રજ્ઞાબેન તથા પરિવારજનોનો આભાર વ્યકત કરી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ- અંકલેશ્વર

તા. ૩.૯.૨૦૧૬ના રોજ શીલાબેન નિતિનભાઇ પંચોલીના નિવાસ સ્થાને મોદીનગર મુકામે મિટિંગ રાખવામાં આવી હતી. આ દિવસે બ્લ્યુ ડ્રેસ કોડ રાખ્યો હોવાથી સર્વે બહેનો બ્લ્યુ વસ્ત્રો પરીધાન કરી આવી હતી. પ્રથમ સમૂહમાં પ્રાર્થના કરી. મંત્રીશ્રી બીનીતાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. આજરોજ પ્રોજેકટ અનુસાર સામાન્ય જ્ઞાનની સ્પર્ધા રાખવામાં આવી હતી. દક્ષાબેને આ કવીઝનું આયોજન કર્યુ હતું. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા સ્નેહા પારસભાઇ અને દ્વિતીય વિજેતા અનુરાધાબેન રહ્યા. ૬૦ વર્ષથી ઉપરની બહેનોને મૌખીક સવાલો પૂછયા હતા.. જેમાં હંસાબેન મહેન્દ્રભાઇ પંચોલી વિજેતા બન્યા હતા. શીલાબેને વન મિનિટગેમ રમાડી તેમાં ૫૦ વર્ષથી નીચેનામાં ગાયત્રીબેન કૃણાલભાઇ અને ૫૦ વર્ષથી ઉપરનામાં અનુરાધાબેન વિજેતા બન્યા. બન્ને સ્પર્ધાના વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા. આ માસમાં જે બહેનોની બર્થડે આવતી હોય તે નિમિત્તે ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી.

રૂા. ૫૦ જ્યોત્સનાબેન બાબુભાઇ તરફથી બર્થડે નિમિત્તે.

૫૧ દેવયાનીબેન નિલેશભાઇ મહેતા તરફથી બર્થડે નિમિત્તે.

૫૧ મીનાબેન છગનભાઇ તરફથી છગનભાઇની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે.

૨૫૦ જયોતિબેન ચેતનભાઇ પંચોલી તરફથી ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ કરી તે નિમિત્તે.

દાતાઓનો ખૂબ ખૂબ આભાર

જુન માસમાં પ્રોજેકટ અનુસાર શ્રવણ વિદ્યાલયમાં યોજાયેલ વાર્ષિક પોગ્રામમાં વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા રાખવામાં આવી હતી તેમાં પ્રથમ વિજેતા જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી થયા હતા.

આગામી મિટિંગ તા. ૧.૧૦.૧૬ના રોજ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી-શકિતનગર ખાતે નવરાત્રી નિમિત્તે સૌ બહેનોએ બાંધણી પહેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં નાસ્તા અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

દરિયા કિનારે સૌ ઘણું ફર્યા હશો....
પણ કયારેય સાગરને તમારી આગવી દષ્ટિથી
ઘોળીને પી જવાનો પ્રયાસ કર્યો છે ?
જો સાગરને આગવી દ્રષ્ટિથી ઘોળીને પી જતાં આવડશે
તો સાગર સમી સમતા જીવનમાં પ્રગટશે...

## દેવના દીધેલ



મુંબઇ નિવાસી શ્રી કૃણાલ કૃષ્ણકાંત પંચોલીને ત્યાં પુત્રરત્ન 'તનય' નો જન્મ તા. ૧૨. ૦૭ ૨૦૧૬ ના રોજ થયો.

માતા : નૂપુરબેન



વડોદરા નિવાસી શ્રી હેમંતભાઇ એમ. પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'હેતા' નો જન્મ તા. ૨૬.૦૯.૨૦૧૬ ના રોજ થયો.

માતા : અંકિતાબેન

## અમારું ગૌરવ



અંકલેશ્વર એકમના માજી પ્રમુખ શ્રી પારસકુમાર મનુભાઇ મિસ્ત્રી એ બ્લ્યુસ્ટાર એસી. સેલીંગમાં સીલ્વર કેટેગરીનો એવોર્ડ બેંગકોક ખાતે મળ્યો છે...

અંકલેશ્વર એકમનું તથા કુટુંબીજનોનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવે છે તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ અંકલેશ્વર એકમના તમામ સભ્યો પાઠવે છે.

## શતમ જીવમ્ શરદઃ



છગનલાલ આત્મારામ મિસ્ત્રી
અંકલેશ્વર
તા. ૨૨.૧૦.૨૦૧૬ના રોજ ૭૫ વર્ષ માં પ્રવેશ કરે છે.



ભીખાભાઇ(શનુભાઇ)કીકાભાઇ
પંચોલી-અંકલેશ્વર
તા. ૨૨.૧૦.૨૦૧૬ના રોજ ૭૫ વર્ષ માં પ્રવેશ કરે છે.



અશોકભાઇ જમનાદાસ ગાંધી
વ્યારા
તા. ૦૭.૧૦.૨૦૧૬
ના રોજ ૭૫ વર્ષ પુરા કર્યા

સમગ્ર પંચોલી સમાજ જન્મ દિવસના અભિનંદન પાઠવે છે.

## હેપી બર્થડે....



ચેશા હેમંતભાઇ
પંચોલી-સુરત
તા. ૧૯.૧૦.૨૦૧૨



રાજવી હેમંતભાઇ
પંચોલી-સુરત
તા. ૨૫.૧૦.૨૦૧૪



આર્ષ બ્રિજેશકુમાર
પંચોલી-વડોદરા
તા. ૨૯.૧૦.૨૦૧૨



દેવ હિતેશકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૦૭.૦૯.૨૦૧૧



ખુશી હેમંતભાઇ
પંચોલી-વડોદરા
તા. ૨૬.૦૯.૨૦૧૨

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયોત્સનાબેન હરગોવિંદદાસ પંચોલી તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૧/- વડોદરા નિવાસી કસુમબેન(દાદી) તથા કનુભાઇ સી. પંચોલી(દાદા) તરફથી પૌત્ર આર્ષ તથા પૌત્રી નવ્યા બ્રિજેશ પંચોલીની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૧/- મુંબઇ નિવાસી શ્રી કૃણાલકુમાર કૃષ્ણકાંત પંચોલીને ત્યાં પુત્રરત્ન 'તનય'નો જન્મ થયો તે નિમિત્તે..

રૂા. ૧૫૧/- અંકલેશ્વર નિવાસી ભીખાભાઇ (શનુભાઇ) કીકાભાઇ પંચોલીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૧૦૦/- વ્યારા નિવાસી અશોકભાઇ જમનાદાસ પંચોલી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે

## અનુકરણિય

રૂા. ૫૦૦/- તેજગઢ નિવાસી અરવિંદભાઇ મગનલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને મળ્યા છે... આભાર...

## તેજસ્વી તારલા



વિધિ ફાગુનભાઇ
પંચોલી-મુંબઇ
IC SE "A" Grade 96.33 %



મીત કિશોરભાઇ
મિસ્ત્રી-તેજગઢ
SSC 99.24(Per.)



આદર્શ ગોપાલભાઇ
પંચોલી-તેજગઢ
SSC 81.86(Per.)



તીર્થ ઉમેશભાઇ
પંચોલી-તેજગઢ
SSC 81.86(Per.)

**Book-Post**

## Printed Book

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**